# સાંપડ મહાકાળી મંદિરે વર્ષના પ્રથમ દિવસે માઈ-ભક્તોની ભીડ

**માના દર્શન કરી માઇ ભક્તોએ નવા વર્ષની શરૂઆત કરી : હજારોની સંખ્યામાં માઇ ભક્તો ઉમટી પડ્યા**





પ્રાંતિજ તા.૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ સાંપડ મહાકાળી મંદિર ખાતે વર્ષમાં પ્રથમ દિવસે સવારથીજ માઈ ભકતોની મંદિર ખાતે ધસારો જોવા મલ્યો હતો તો માઈ ભક્તો દ્વારા નવા વર્ષની શુભ શરૂઆત માં ના દર્શનકરી કરી ધન્યતા અનુભવી હતી. ભારતીય સંસ્કૃતિ મુજબ બેસતાવર્ષ ની સાથે નવા વર્ષની શરૂઆત થાય છે ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સાંપડ ખાતે આવેલ વર્ષો પુરાણુ અને સુપ્રસિધ્ધ શ્રી મહાકાળી માતા ના મંદિર ખાતે નવા વર્ષના પ્રથમ દિવસે પ્રાંતિજ સહિત તાલુકા માંથી તથા અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બરોડા, સુરત સહિત ના મોટા શહેરોમાંથી હજારોની સંખ્યામાં માઈ ભક્તો ઉમટી પડયા હતાં તો વહેલી સવારથીજ મંદિર સહિત ના સંકુલમાં માઈ ભક્તો નું ધોડાપુર આવ્યું હતું તો દુર દુર થી આવેલ માઈ ભક્તોએ વર્ષ ના પ્રથમ દિવસે માંના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો વહેલી સવારથીજ સાંપડ મંદિર ખાતે માઈ ભકતોનો ધસારો જોવાં જોવા મલ્યો હતો અને દિવસ દરમ્યાન હજારોની સંખ્યામાં દુરદુર થી આવેલ માઈ ભકતોએ વર્ષના પ્રથમ દિવસે શ્રી મહાકાળી માતાના દર્શન કરી નવા વર્ષ ની શુભ શરૂઆત કરી હતી.

## શીકા ગામે ગ્રામ માતાજીને નવા વર્ષે ગરબો મુકવાની પરંપરા એક સદીથી ચાલી આવે છે




ધનસુરા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શીકા ગામે ગ્રામ માતાજીને નવા વર્ષે ગરબો મુકવાની પરંપરા એક સદીથી ચાલી આવે છે શીકા ગામની ગ્રામમાતા બ્રહ્માણી માતાજીના મંદિરે એકતાનું પ્રતિક સમાન બ્રહ્માણીમાંનો ગરબો(બેડિયુ) માતાજીના મંદિરમાં મૂકવાની પરંપરા વર્ષો થી છે જેમાં આખા ગામનો દરેક સમાજ જોડાય છે અને ગામલોકો આ પરંપરા લાંબા સમયથી નિભાવે છે. ગામનો દરેક વ્યક્તિ કોઈપણ ધંધાર્થે નોકરી કે અન્ય કામથી બહારગામ હોય છતાં બેસતા વર્ષ ના દિવસે આ પરંપરા માં અચૂક હાજરી આપતો જ હોય છે. આ દિવસે ગામનું વર્ષો થી તોરણ બંધાતુ તે ગ્રામમાતા ઢોલાઈ જે ઢોલીયા ડુંગર પર સ્થાનક છે તથા ગ્રામ તળાવ પાસેના બ્રહ્માણી માતાજીના મંદિરે આ વર્ષે પણ આ રિવાજ મુજબ ગ્રામલોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને માતાજીને નવા વર્ષે ગરબા મૂક્યા હતા.



### ધનસુરા સ્વામિનારાયણ મંદિર ખાતે નૂતન વર્ષે ભવ્ય અન્નકૂટ યોજાયો હતો

ભારતીય સંસ્કૃતિ માં અન્નકૂટ નું ખુબજ મહત્વ છે અન્ન ભગવાનને ધરાવીને પછી પ્રાસાદ ખાવા ની પરંપરા છે બેસતા વર્ષ નિમિત્તે ધનસુરા ના વિવિધ મંદિરો માં અન્નકૂટ યોજાયા હતા ત્યારે ધનસુરા સ્વામિનારાયણ મંદિર માં ભવ્ય અન્નકૂટ યોજાયો હતો જેમાં વિવિધ વાનગીઓ ભગવાનને ધરાવવામાં આવી હતી જેના નવા વર્ષ માં ભક્તો એ દર્શન કર્યા હતા અને અન્નકૂટ ની આ વાનગીઓ ને ગામ માં વહેંચવા ની શરૂઆત કરવામાં આવી હતી ભક્તો એ નવા વર્ષ માં મંદિર માં દર્શન કરી ધન્યતા અનુભવી હતી સમગ્ર આયોજન મંદિર ના પરેશ ભગત અને કોઠારી અને સમગ્ર ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું

## માલપુર લેઉઆ પટેલ સમાજ દ્વારા ઈનામ વિતરણ અને સન્માન સમારોહ યોજાયો

**તખતપુર ગામે સમાજનું ૨૯મું સ્નેહ સંમેલન યોજાયું : સંમેલનના મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય જશુભાઇ પટેલ ઉપસ્થિત રહ્યા**

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલા લેઉવા પટેલ સમાજ દ્વારા માલપુર પાસેના તખતપુર ખાતે લેઉવા પટેલ સમાજનું ૨૬ મું સ્નેહ સંમેલન યોજાયું હતું. જેમાં સમાજના ધોરણ ૧૦ થી લઈને ઉપરના વર્ગોમાં પરીક્ષા ઉતીર્ણ કરનાર, વિદ્યાર્થીઓ, પદવીઓ મેળવનાર સમાજના બંધુઓને ઈનામ વિતરણ કરી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓનું શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.



માલપુર પાસેના તખતપુર ગામે ૨૬ મું સ્નેહ સંમેલન સાથે માલપુર લેઉઆ પટેલ સમાજ દ્વારા ઈનામ વિતરણ - સન્માન સમારોહ યોજાયો હતો. સંમેલન માં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય જશુભાઈ પટેલ, મુખ્ય મહેમાન માં જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સ્મિતાબેન પટેલ સાથે ઉદઘાટ માલપુર તાલુકા પ્રમુખ સંજયભાઈ પટેલઅતિથી વિસેષ માં સમાજ ના મુખી કાનતિભાઈ પટેલ ,જગદીશભાઈ પટેલ અન્ય મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. તેઓ નું સમાજના આગેવાનો દ્વારા સાલ ઓઢાડી મોમેન્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં નિવૃત કર્મચારીઓ સ્મ્મ્જી ,૨૬ જેવા સમાજના ધોરણ ૧૦ થી લઈને ઉપરના વર્ગોમાં પરીક્ષા ઉતીર્ણ કરનાર, વિદ્યાર્થીઓ, પદવીઓ મેળવનાર સમાજના બંધુઓને ઈનામ વિતરણ કરી વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનારાઓનું શાલ ઓઢાડી અને મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. કોરોના કાળ દરમિયાન મૃત્યુ પામેલા લોકોને યાદ કરી તેમના માટે ૨ મિનિટનું મૌન પાડવામાં આવ્યું હતું. આ સ્નેહ સંમેલન સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ, વિડિલો હાજર રહ્યા હતા.

## ગૃહમંત્રી હર્ષ સંઘવીએ માદરે વતનની મુલાકાત લીધી

**ઠેર ઠેર સ્વાગત સમારોહમાં જનમેદની ઉમટી પડી**



ડીસા, તા. ૮

રાજયના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોતાના માદરે વતનની મુલાકાત લીધી હતી. છેલ્લા બે દિવસથી તેઓએ પોતાના માદરે વતન અલગ-અલગ સ્થળોએ મુલાકાત કરી સગાસંબંધીઓ મળ્યા હતા ગઈકાલે પોતાના પિતાના જન્મ સ્થળ અને વતનની તાલુકાના બાલુન્દ્રા ગામની મુલાકાત લીધા બાદ આજે વહેલી સવારે તેઓ ડીસા પહોંચ્યા હતા જ્યાં અમરનાથ કોમ્પ્લેક્સ ખાતે આવેલા ભાજપના કાર્યાલયનું ઉદઘાટન કર્યા બાદ તેમનો ભવ્ય રોડ શો યોજાયો હતો.આ રોડ શો માં તેમની સાથે બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબત પટેલ અને રાજયસભાના સાંસદ દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શશીકાંત પંડયા, બનાસકાંઠા જિલ્લા ભાજપ પરમજખ ગુમાનસિંહ ચૌહાણ સહિત ભાજપના આગેવાનો પણ જોડાયા હતા.ડીસાના મુખ્ય માર્ગો પર નીકળેલો રોડ શો અને બાઈક રેલીનું સરદાર બાગ, નેમિનાથ નગર સામે, ફુવારા સર્કલ, રિશાલા બજાર, સહિત ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરાયું હતું ત્યારબાદ તેઓ બાઈક રેલી સ્વરૂપે રાજપુરથી જુના ડીસા પહોંચ્યા હતા. ત્યારબાદ પોતાના જન્મ સ્થળ ની મુલાકાત લીધી હતી પોતાના સગા-વહાલાં સ્નેહીઓ સાથે એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી બાદમાં તેઓ ડીસાની આદર્શ હાઈસ્કૂલ ખાતે આવી પહોંચ્યા હતા જ્યાં શાળાના ટ્રસ્ટીઓ અને આગેવાનોને મળ્યા હતા અને સાંજે તેઓ ગાંધીનગર જવા રવાના થયા હતા.

### જન્મદિને વધામણી



કેતન પટેલ
ધરતી મેડિકલ સ્ટોર્સ
બાયડ(નવી શીનોલ)



પરીમલભાઈ પટેલ
અલવાકંપા તા. બાયડ



મધુસૂદન ભાઈ જે. મહેતા
આક્રુંદ તા.ધનસુરા



શૈવલ ભરતકુમાર પટેલ
રડોદરા તા. બાયડ

**રક્તદાન મહાદાન**

### અવસાન નોંધ



બાયડ(બ્યુરો ઓફિસ) તા.૮

બાયડની ગિરિરાજ સોસાયટીમાં રહેતા તરૂણભાઈ ભાટીયા, ડૉ. પ્રશાંતભાઈ ભાટીયાના પિતા ભરતભાઈ રમણભાઈ ભાટીયા (નિવૃત્ત કર્મચારી-તાલુકા પંચાયત, ધનસુરા) નું તા.૮ નવેમ્બર સોમવારના રોજ દુઃખદ નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા.

## ૧૨-૧૩ નવેમ્બરે વડનગર ખાતે તાના-રીરી મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૮

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે તારીખ ૧૨ અને ૧૩ નવેમ્બરના રોજ સાંજે ૦૬-૦૦ કલાકથી તાના-રીરી મહોત્સવ તાના-રીરી ઉધાન ખાતે યોજાનાર છે.આ મહોત્સવમાં ૧૨ તારીખે શુક્વારે સાંજે ૦૬-૦૦ કલાકે મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિતિ રહેનાર છે.૧૨ તારીખે શ્રીમતી કવિતા કૃષ્ણમુર્તિ મુંબઈ દ્વારા શાસ્ત્રીય ગાયન,શ્રી વિરાજ અમર ભટ્ટ અમદાવાદ દ્વારા શાસ્ત્રીય ગાયન તેમજ શ્રી એલ સુબ્રમણ્યમ મુંબઈ દ્વારા વાયોલીનની પ્રસ્તુતી કરવામાં આવનાર છે. ૧૩ તારીખે શનિવારે સાંજે ૦૬-૦૦ કલાકે યોજાનાર તાના-રીરી મહોત્સવમાં શ્રી નીરજ પરીખ અને વૃંદ અમદાવાદ દ્વારા કેશવ ગાન,પંડીત વિશ્વ મોહન ભટ્ટ અને વૃંદ જયપુર દ્વારા ડેઝર્ટ સ્લાઈડ,શ્રી રાકેશ ચૌરસીયા મુંબઈ દ્વારા બાસુરી અને સિતારજુગલબંધીની પ્રસ્તુતિ થનાર છે.

અત્રે ઉલ્લેખનીય છેકે તાના-રીરી મહોત્સવમાં દર વર્ષે તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે પણ તાના-રીરી સંગીત સન્માન એવોર્ડ મુખ્યમંત્રીશ્રીના હસ્તે આપવામાં આવશે. શ્રીમતી કવિતા કિષ્ર્ણમુર્તિ અને શ્રીમતી વિરાજ અમર ભટ્ટ અમદાવાદને આ એવોર્ડ આપવામાં આવનાર છે.આ એવોર્ડમાં પ્રત્યેક એવોર્ડીને રૂ ૨,૫૦,૦૦૦ નો ચેક,શાલ અને તામ્રપત્ર મુખ્યમંત્રીશ્રીના હસ્તે એનાયત કરવામાં આવનાર છે.

## ગૃહ રાજ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ઊંઝા ઉમિયા માતાજી - વાળીનાથના દર્શન કર્યા

મહેસાણા, તા. ૮

ગુજરાતના ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી મહેસાણા જિલ્લામાં ઊંઝા ઉમિયા માતાજીના તેમજ તરભ વાળીનાથના દર્શન કરી રાજ્યના સુખ,શાંતિ અને સલામતી માટે પાર્થના કરી હતી.આ પ્રસંગે ઊંઝા સહિત વાળીનાથ ખાતે ભવ્ય સ્વાગત કરતાં મંત્રીશ્રી પર પુષ્પવર્ષા કરી, ફૂલહાર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.




આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાતની શાંતિ, સલામતિ અને ભાઈચારા માટે અમારી સરકાર સંકલ્પબધ્ધ છે. રાજયના લોકો ગમે તે જગ્યાએ ભયમુક્ત વાતાવરણમાં હરી ફરી અને રહી શકે તે અમારી સરકારની પ્રાથમિકતા છે. મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને દેશના ગૃહ મંત્રીશ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, લોકોના આશીર્વાદથી અમારા મોવડી મંડળે મને રાજયના ગૃહ મંત્રી તરીકેની જવાબદારી સોંપી છે તેના ભાગ રૂપે તમામ આગેવાનોનો સાથ અને સહકાર મળી રહેશે. ગૃહરાજ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે અનેક આફતો સમયે ધાર્મિક સંસ્થાઓની કરેલ કામગીરીને નજીકથી જોવાના અવસર મળ્યો છે.તેમણે ઉમેર્યું હતું કે નાગરિકોના સમસ્યાઓનો ઝડપથી ઉકેલ આવે તે દિશામાં કામ કરાઈ રહ્યું છે. આ પ્રસંગે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ મણીલાલ પટેલ (મમી) ધારાસભ્ય ડો આશાબેન પટેલ,જિલ્લા પંચાયત પ્રમુખ પ્રહલાદ પરમાર,કારોબારી ચેરમેન હરીભાઈ પટેલ,અગ્રણી જશુભાઈ પટેલ,અગ્રણી એમ.એસ.પટેલ, પુર્વ ધારાસભ્ય નારાયણભાઈ પટેલ, વાળીનાથ ગાદીના સંતશ્રીઓ, સહિત ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.